# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર

## પ રિ પ ત્ર.

નંબરઃમુ.ઇ./૨૦૧૨/જનરલ/પંમ્પીંગ મશીનરી/એમ-૨/૬૦૬ તા.૨૪-૦૫-૨૦૧૨

**વિષયઃ- બોર્ડના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓએ બોર્ડ હસ્તકની જુથ પા.પુ.યોજનાઓના હેડવર્કસની મુલાકાત લઇ સમીક્ષા અહેવાલ સાદર કરવા બાબત.**

પ્રસ્તાવનાઃ-

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ધ્વારા જુથ પા.પુ. યોજનાઓ તૈયાર કરી તેની મરામત તથા નિભાવણી કામ એજન્સીઓ ધ્વારા કરવામાં આવે છે. આ સંદર્ભે નીચે મુજબ વારંવાર ફરીયાદો બોર્ડ કચેરીને મળે છે.

1. યોજનાના છેવાડાના ગામોએ પાણી મળતું નથી. અથવા ઘણું જ ઓછું મળે છે.
2. યોજનાની સ્ટેન્ડ બાય પમ્પીંગ મશીનરી બંધ હોય છે. જેથી ચાલુ મશીનરી બંધ પડતા યોજના બંધ પડે છે.
3. યોજનાની મશીનરી તેની લાઇફ પૂર્ણ થતાં પહેલાં ખરાબ થઇ જાય છે. તથા વારંવાર રીપેરીંગ કરવું પડે છે.
4. યોજનાની કેટલીક મશીનરી તેની નિયત ક્ષમતા કરતાં ઓછી ક્ષમતાથી ચાલી રહેલ હોય છે, જેથી વધુ પાવર વપરાય છે.
5. પાઇપ લાઇનમાં લીકેજ વધારે હોય છે. કેટલીક જગ્યાએ પંપ હાઉસમાં પણ પાણી ભરાયેલ જણાય છે.
6. વાલ્વ બરાબર કામ કરતાં નથી.તેનું મેઇન્ટેનન્સ ન થતું હોવાને કારણે ઘણીવાર જરૂર જણાય બંધ/ ખૂલતા નથી. કેટલાક વાલ્વ લીકેજ હોય છે
7. આ ઉપરાંત પેનલ બોર્ડમાં વિવિધ પેરામીટરના મીટર ચાલતાં ન હોય તેવી પણ અનેક નાની મોટી ફરીયાદો વારંવાર મળે છે.
8. ફ્લો મીટર લગાડવામાં આવતા નથી અને જયાં લગાડેલ છે તે ચાલતા નથી.

આ સંદર્ભે બોર્ડ કચેરી ધ્વારા ફાઇલમાં નકકી થયા મુજબ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ ઓછામાં ઓછી નીચે મુજબની હેડવર્કસ પર મુલાકાત લેવાની રહેશે તથા તેનો અહેવાલ તેના ઉપરી અધિકારીશ્રીને મોકલવાનો રહેશે. ઉપરી અધિકારીશ્રી ધ્વારા આ અહેવાલની સમીક્ષા કરી જરૂરી પગલાં લઇ / સૂચવી તેને મુ.ઇ.શ્રી કક્ષા સુધી સાદર કરવાના રહેશે. મુ.ઇ.શ્રીઓ ધ્વારા આ અહેવાલ સંબંધી કરવાની થતી કાર્યવાહી/ કરેલ કાર્યવાહી બાબતે વિગતે બોર્ડ કક્ષાએ યોજાતી સમીક્ષા બેઠકમાં રજુ કરવાના રહેશે.

(૨૮૪)

## સ્થળ મુલાકાત અન્વયેની જવાબદારીઓ

| અનું. | અધિકારીશ્રીનો હોદ્દો | જુથ પા.પુ. યોજના ઉપર લેવાની થતી સ્થળ મુલાકાત/ કાર્યવાહી |
|---|---|---|
| ૧ | અધિક મદદનીશ ઇજનેર / મદદનીશ ઇજનેર | જે યોજનાની મરામત તથા નિભાવણી સંભાળતા હોય તેઓશ્રીએ દર અઠવાડિયે તેની હસ્તકની તમામ હેડવર્કસની કામગીરીની મુલાકાત લેવાની રહેશે. તથા હેડવર્કસની જરુરીયાત મુજબ કામગીરી કરવાની રહેશે |
| ૨ | નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી | જે યોજનાની મરામત તથા નિભાવણી તેના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેઓશ્રીએ દર મહિને તેના હસ્તકની તમામ હેડવર્કસની મુલાકાત લેવાની રહેશે તથા તેની મ.ઇ./અ.મ.ઇ સાથે સમીક્ષા કરવાની રહેશે |
| 3 | કાર્યપાલક ઇજનેરશ્રી | જે યોજનાઓની મરામત તથા નિભાવણી તેના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેઓશ્રીએ દર ત્રણ મહિને તમામ હેડવર્કસની મુલાકાત લેવાની તેમજ જયાં ના.કા.ઇ.શ્રી અહેવાલમાં મુશ્કેલી/સમસ્યા હોય તેવા તમામ હેડવર્કસની તાત્કાલિક મુલાકાત લેવાની રહેશે અને તેની સમીક્ષા ના.કા.ઇ. શ્રી સાથે કરવાની રહેશે |
| ૪ | અધિક્ષક ઇજનેરશ્રી | જે યોજનાઓની મરામત તથા નિભાવણી તેના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેઓશ્રીએ દર છ મહિને કી પોઇન્ટ ધરાવતા હોય તેવા એટલે કે વધુમાં વધુ ગામોને પા.પુ. પુરો પાડતા હોય તથા કા.ઇ.શ્રીના અહેવાલ મુજબ મુશ્કેલી/ સમસ્યાવાળા હોય તેવા ૪૦ હેડવર્કસની મુલાકાત લેવાની રહેશે તથા તેની સમીક્ષા કા.ઇ શ્રી.સાથે કરવાની રહેશે |
| ૫ | મુખ્ય ઇજનેરશ્રી ( ઝોન ) / મુખ્ય ઇજનેરશ્રી (યાં) | જે યોજનાઓની મરામત તથા નિભાવણી તેના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેવા દર વર્ષે ઓછામાં ઓછા ૨૦ હેડવર્કસની મુલાકાત લેવાની રહેશે.(૨૦૦ કે.વી.એ.થી વધુ વિજલોડ ધરાવતા હેડવર્કસ ) તથા તેની સમીક્ષા અ.ઇ.શ્રી સાથે કરવાની રહેશે |
| ૬ | મુખ્ય ઇજનેરશ્રી, (મોની./પ્લાનીંગ) તથા મુખ્ય ઇજનેરશ્રી (ટેક.) | જે તે વખતે ક્ષેત્રિય કચેરીની મુલાકાત વખતે ઓછામાં ઓછા ૨૦ હેડવર્કસની મુલાકાત લઇ સંબંધિત ઝોનલ મુખ્ય ઇજનેરશ્રી સાથે સમીક્ષા કરવાની રહેશે |
| ૭ | સભ્ય સચિવશ્રી | જે તે વખતે ક્ષેત્રિય કચેરીની મુલાકાત વખતે ઓછામાં ઓછા ૧૦ હેડવર્કસની મુલાકાત લઇ સંબંધિત ઝોનલ મુખ્ય ઇજનેરશ્રી સાથે તથા બોર્ડ કચેરીના મુ.ઇ શ્રીઓ સાથે સમીક્ષા કરવાની રહેશે |

સભ્ય સચિવ

Dt.18-04-2012 HeadWorks Report.doc

નકલ રવાના પ્રતિઃ-

1. માન.અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
2. સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
3. મુ.ઇ.શ્રી, (મોની./પ્લાનીંગ), બોર્ડ કચેરી, ગાંધીનગર.
4. મુ.ઇ.શ્રી (યાં), બોર્ડ કચેરી, ગાંધીનગર.
5. મુ.ઇ.શ્રી, (ટેકનીકલ તથા પ્રોકયોરમેન્ટ, સિવિલ), બોર્ડ કચેરી, ગાંધીનગર.
6. મુ.ઇ.શ્રી, (ઝોન-૧,૨,૩,૪), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વડોદરા/ અમદાવાદ / રાજકોટ / ભૂજ.
7. મુખ્ય વહીવટી અધિકારીશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
8. અ.ઇ.શ્રી (સર્વે)
9. કા.ઇ.શ્રી (સર્વે)
10. માસ્ટર ફાઇલ/સરકયુલ ફાઇલ.